કેન્દ્રીય છઠ્ઠા પગાર પંચની ભલામણો અન્વયે
રાજય સરકારના તેમજ પંચાયતના કર્મચારીઓના
પગાર ધોરણ, ભથ્થાં તેમજ પેન્શનની સુધારણા બાબત.

**ગુજરાત સરકાર**
**નાણા વિભાગ**
સરકારી ઠરાવ ક્રમાંકઃ પગર/૧૦૦૯/૧/પગાર એકમ (મ)
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૨મી, ફેબ્રુઆરી, ૨૦૦૯

**વંચાણે લીધા :-** નાણા વિભાગના સરકારી ઠરાવો ક્રમાંક :

(૧) પગર/૧૦૯૮/૧/મ, તા.૭/૧/૧૯૯૮
(૨) પગર/૧૦૯૮/૨/મ, તા.૨૦/૧/૧૯૯૮
(૩) પગર/૧૦૦૮/૧/પ.એ. (મ) તા.૪/૪/૨૦૦૮
(૪) પગર/૧૦૦૮/૨/પ.એ. (મ), તા.૮/૫/૨૦૦૮
(૫) પગર/૧૦૦૮/૪/પ.એ. (મ) તા.૧૫/૯/૨૦૦૮
(૬) પગર/૧૦૦૮/૪(૧)/પ.એ. (મ) તા.૩/૧૦/૨૦૦૮
(૭) ભારત સરકારના નાણા મંત્રાલયનો તા.૨૯/૮/૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ૧/૧/૨૦૦૮- આઇ.સી.

## આમુખ :-

કેન્દ્રીય છઠ્ઠા પગાર પંચની ભલામણોને અનુલક્ષીને રાજય સરકારના અધિકારી/કર્મચારીઓના પગાર ધોરણ, ભથ્થાં, પેન્શન અને સેવાની શરતો વિગેરે બાબતોની વિચારણા કરવા નાણા વિભાગના તા.૪/૪/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૦૮/૧/પ.એ. (મ) થી માન.મંત્રીશ્રી (નાણા)ના અધ્યક્ષપદે મંત્રીમંડળની સમિતિની રચના કરવામાં આવેલ હતી; તેમજ તેને સહાય કરવા ઉચ્ચ કક્ષા (સચિવશ્રીઓની) સમિતિની રચના નાણા વિભાગના તા.૧૫/૯/૨૦૦૮ અને તા.૩/૧૦/૨૦૦૮ના ઠરાવોથી કરવામાં આવેલ હતી. મંત્રીમંડળની સમિતિ દ્વારા રાજય સરકારના વિવિધ કર્મચારી મંડળો/સંઘો સાથે કરાયેલ પરામર્શના અનુસંધાને મંત્રીમંડળની સમિતિએ લીધેલ નિર્ણયની વિગતે મંત્રીમંડળની તા.૨૪/૧૨/૨૦૦૮ની બેઠકમાં આ બાબતે લેવામાં આવેલ નિર્ણય અન્વયે રાજય સરકાર દ્વારા પુખ્ત વિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## // ઠરાવ //

(૧) ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૯૮ હેઠળ જે પગાર ધોરણો અમલમાં છે તે સામે આ ઠરાવ સાથેની અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના નવા પગાર ધોરણ (Pay Band અને Grade pay સાથે ) "સ્કેલ ટુ સ્કેલ" ધોરણે આપવાના રહેશે.

(૨) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમ, ૧૯૯૮ હેઠળ જે પગાર ધોરણો હાલમાં કામચલાઉ પગાર ધોરણ તરીકે અસ્તિત્વમાં છે તે પગાર ધોરણોને આ ઠરાવ સાથેની અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના પે-બેન્ડ અને ગ્રેડ પે આપી આખરી કરવામાં આવે છે.

(૩) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમ, ૧૯૯૮ હેઠળ હાલમાં ૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦, ૮૦૦૦-૨૭૫-૧૪૦૫૦ અને ૮૫૦૦-૨૭૫-૧૪૦૦૦ ના પગાર ધોરણો ધરાવતી વર્ગ-૧ના સંવર્ગની જગ્યાઓ **પીબી-૩** તરીકે ૧૫૬૦૦-૩૯૧૦૦ના **પે-બેન્ડમાં** રહેશે અને તે જગ્યાઓનો **ગ્રેડ પે** ૫૪૦૦ રહેશે; જ્યારે આ ત્રણ પગાર ધોરણો ધરાવતી વર્ગ-૨ના સંવર્ગની જગ્યાઓ **પીબી-૨** તરીકે ૯૩૦૦-૩૪૮૦૦ના **પે-બેન્ડમાં** રહેશે અને તેવી જગ્યાઓનો **ગ્રેડ પે** ૫૪૦૦ રહેશે.

(૪) વર્ગ-૧ના સંવર્ગની જગ્યાઓને જ **પીબી-૩** પે બેન્ડ મળવાપાત્ર થશે.

(૫) કેન્દ્રીય છઠ્ઠા પગાર પંચની ભલામણો મુજબ "સ્કેલ ટુ સ્કેલ" સુધારેલ પગાર ધોરણ અને અન્ય ભથ્થાં તા.૧/૪/૨૦૦૯ થી રોકડમાં ચુકવવામાં આવશે.

(૬) ઘરભાડા ભથ્થું તા.૧/૪/૨૦૦૯થી નીચે મુજબ મળવાપાત્ર થશે.

| વસતિના આધારે શહેર/નગરનું સુધારેલ વર્ગીકરણ | શહેરોનું સુધારેલ વર્ગીકરણ | ઘરભાડાં ભથ્થાંના દર (પે બેન્ડ વત્તા ગ્રેડ પે) |
|---|---|---|
| ૫૦ લાખ અને તેથી વધુ વસતિ | X- (અગાઉના વર્ગીકરણ મુજબ એ-૧) | ૩૦ ટકા |
| ૫ લાખ અને ૫૦ લાખ વચ્ચેની વસતિ | Y- (અગાઉના વર્ગીકરણ મુજબ એ, બી-૧ અને બી-૨) | ૨૦ ટકા |
| ૫ લાખથી ઓછી વસતિ | Z- (અગાઉના વર્ગીકરણ મુજબ સી અને બિનવર્ગીકૃત) | ૧૦ ટકા |

(૭) સ્થાનિક વળતર ભથ્થું અને વાહન ભથ્થું હાલમાં રાજ્યમાં જે દરે ચુકવવામાં આવે છે, તે યથાવત રહેશે. આ અંગેના વિગતવાર આદેશો હવે પછી બહાર પાડવામાં આવશે.

(૮) રાજ્યમાં શિક્ષણ ભથ્થું ચુકવવામાં આવતું નથી. જે નીતિ યથાવત રહે છે.

(૯) કેન્દ્રીય છઠ્ઠા પગાર પંચની ભલામણો અન્વયે સુધારેલ પગાર વત્તા મોંઘવારી ભથ્થાની તા.૧/૧/૨૦૦૬ થી તા.૩૧/૩/૨૦૦૯ સુધીના સમયગાળાની રકમ તફાવત (arrears) તરીકે ચુકવવાની રહેશે.

(૧૦) તા.૧/૧/૨૦૦૬ થી તા.૩૧/૩/૨૦૦૯ સુધીના પગાર વત્તા મોંઘવારી ભથ્થાંના તફાવતની રકમ સને ૨૦૦૯-૨૦૧૦ થી દર વર્ષે, ૨૦ ટકા લેખે, પાંચ હપ્તામાં કર્મચારી/અધિકારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાની રહેશે. આ પ્રકારે જમા થયેલ રકમ પાંચ વર્ષના "lock in period" બાદ ઉપાડી શકાશે. આ અંગેના વિગતવાર હુકમો હવે પછી કરવામાં આવશે.

(૧૧) પેન્શનરોના કિસ્સામાં તા.૧/૪/૨૦૦૯ થી સુધારેલ પેન્શનની રકમ રોકડમાં ચુકવવામાં આવશે. તા.૧/૧/૨૦૦૬ થી તા.૩૧/૩/૨૦૦૯ સુધીના સમયગાળાના સુધારેલ પેન્શનના તફાવત (arrears) ની રકમ, સને ૨૦૦૯-૨૦૧૦થી દર વર્ષે ૨૦ ટકા લેખે પેન્શનરોને રોકડમાં ચૂકવવામાં આવશે. પેન્શન અંગેના વિગતવાર હુકમો હવે પછી કરવામાં આવશે.

(૧૨) પગાર બાંધણી અંગેની વિગતવાર સૂચનાઓ અલગથી બહાર પાડવામાં આવશે.

(૧૩) આ હુકમોનો લાભ રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓને મળવાપાત્ર થશે.

(૧૪) આ હુકમોનો લાભ ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓના જે કર્મચારીઓને પાંચમા પગાર પંચનો લાભ નાણા વિભાગની મંજુરીથી આપવામાં આવેલ હોય તેઓને જ મળવાપાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીદેવી શુકલ )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ / સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ / સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
- પેન્શન ચુકવણા અધિકારી, અમદાવાદ.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, સ.સ.ન.નિ.લિ. ગાંધીનગર / વડોદરા
- નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ /ગાંધીનગર.

સર્વે માન્ય મંડળો.
સામાન્ય વહીવટ વિભાગ, (ક શાખા, કેબિનેટ યુનિટ)
સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ. . વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.
સિલેકટ ફાઇલ, પગાર એકમ, મ, ચ, પી, અ અને ઝ-શાખાઓ, નાણા વિભાગ.

- - - - - - - - - - -

૦ પત્ર દ્વારા.

## અનુસૂચિ

### તા.૧/૧/૨૦૦૬થી અમલમાં આવતાં પે બેન્ડ અને ગ્રેડ પે

| ક્રમ | વિદ્યમાન પગાર ધોરણ (તા.૧/૧/૯૬થી) | પે બેન્ડ કોડ | તા.૧/૧/૨૦૦૬થી અમલમાં આવતાં પે બેન્ડ | ગ્રેડ-પે |
|---|---|---|---|---|
| ૧ | ૨૫૫૦-૫૫-૨૬૬૦-૬૦-૩૨૦૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ |
| ૨ | ૨૬૧૦-૬૦-૩૧૫૦-૬૫-૩૫૪૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ |
| ૩ | ૨૬૫૦-૬૫-૩૩૦૦-૭૦-૪૦૦૦ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ |
| ૪ | ૨૭૫૦-૭૦-૩૮૦૦-૭૫-૪૪૦૦ | PB1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ |
| ૫ | ૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦ | PB1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ |
| ૬ | ૩૨૦૦-૮૫-૪૯૦૦ | PB1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૭ | ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | PB1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૮ | ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | PB1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ |
| ૯ | ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | PB2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૧૦ | ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ | PB2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૧૧ | ૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦ | PB2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ |
| ૧૨ | *૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦ | PB2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૫૪૦૦ |
| ૧૩ | *૮૦૦૦-૨૭૫-૧૪૦૫૦ | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૫૪૦૦ |
| ૧૪ | *૮૫૦૦-૨૭૫-૧૪૦૦૦ | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૫૪૦૦ |
| ૧૫ | ૧૦૦૦૦-૩૨૫-૧૫૨૦૦ | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ |
| ૧૬ | ૧૨૦૦૦-૩૭૫-૧૬૫૦૦ | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૬૦૦ |
| ૧૭ | ૧૪૩૦૦-૪૦૦-૧૮૩૦૦ | PB4 | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૮૭૦૦ |
| ૧૮ | ૧૬૦૦૦-૪૫૦-૨૦૫૦૦ | PB4 | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૮૯૦૦ |
| ૧૯ | ૧૮૪૦૦-૫૦૦-૨૨૪૦૦ | PB4 | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ |
| ૨૦ | ૨૨૪૦૦-૫૨૫-૨૪૫૦૦ | PB4 | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૨૦૦૦ |

* જુઓ ઠરાવના ફકરા-૩ અને ૪.

( શ્રીદેવી શુક્લ )
નાયબ સચિવ
નાણા વિભાગ